# વાલી સંમેલન અહેવાલ

બોરુ  પ્રાથમિક શાળામાં ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૩ નિમિત્તે વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.

સદર કાર્યક્રમ કરતાં પહેલાં સૌ પ્રથમ દર વર્ષ ની જેમ ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૩ 'સ્વાતંત્ર્ય દિન' નિમિત્તે શાળાના મેદાનમાં ધ્વજવંદન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. ધ્વજ ફરકાવવામાં આવ્યો અને રાષ્ટ્રગીતોનું ગાન કરવામાં કરવામાં આવ્યું.

શાળાના કાર્યક્રમો બાદ વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં એસ.એમ.સી. સભ્યો અને શાળામાં ભણતા અન્ય બાળકોના વાલીઓ અને અમારા વિસ્તારના વડીલ આગેવાન વ્યક્તિઓને ઉપસ્થિત રહ્યા. જેમાં નીચે મુજબના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી.

શાળાના આચાર્યશ્રી વાલી મીટીંગમાં "સમગ્ર સ્કુલ ડેવલોપમેન્ટ પ્લાન" (SDP)પર વિચારણા કરવામાં આવી. શાળાના મેદાનમાં, ટોયલેટ, શાળાની આજુબાજુ અને ખાસ ગામમાં સ્વચ્છતા વિષે ચર્ચા કરવામાં આવી. બાળકોને ચોખ્ખું પાણી મળે તેની પણ વિચારણા મીટીંગમાં કરી.

ગામમાં ૬ થી ૧૪ વર્ષની વયજૂથના શાળા બહારના બાળકોના પ્રવેશ અને સ્પેશ્યલ ટ્રેનિંગ પ્રોગ્રામ ની વાલીઓને જાણ કરવામાં આવી. ઘરે નિયમિત ભણે અને શિક્ષણથી વંચિત ન રહે તેવી શાળાના આચાર્યશ્રીએ વાલીઓને વિનંતી કરી.

શાળામાં વિશિષ્ટ જરૂરિયાત વાળા બાળકો CWSN ને સરકાર શ્રી દ્વારા સાધન સામગ્રી પ્રાપ્ત થાય અને તેના ઉપયોગની જાણકારી વાલીઓને આપી. હાલમાં સ્કુલ ઓફ એન્સીલન્સ કાર્યક્રમ જે તમામ શાળાઓમાં શરુ થયો છે, જેમાં અમારી શાળાની માહિતી અને તેનું અગામી આયોજન કેવી રીતે શાળાના આચાર્ય અને સ્ટાફ કર્યું તે વિષે પણ જણાવવામાં આવ્યું. બાળકો શાળાથી દુર છે પણ ઘરે બાળકો સંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતાં રહે, પ્રાર્થના - અભ્યાસક્રમમાં આવતા કાવ્યો, તથા બાળકો રમત-ગમત થી વંચિત ન રહે તેની આવી. વાલીઓને સમજ આપવામાં આવી.

ગામમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવું, શાળાના મેદાનમાં પણ વૃક્ષારોપણ થાય, ગામમાં લોકો પાણીનો બચાવ કરે તેની પણ ચર્ચા કરવામાં આવી. આપણી શાળાને ગ્રીનસ્કુલ બનાવવી, બાળકોના શિક્ષણ માટે 'સ્માર્ટસ્કુલ' બનાવવાની ચર્ચા કરવામાં આવી. ત્યાર બાદ વાલીઓ સાથે બાળકો માટે ચર્ચા કરવામાં આવી કે તે બાળકોને નિયમિત

કોરોના મહામારીમાં ઓનલાઇન ઘરે ભણે તેમને અન્ય કામમાં ન મોકલી તેમને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરે તથા ‘કન્યા શિક્ષણ’ માટે પણ ચર્ચા કરવામાં આવી કે વાલીઓ કુમારની જેમ કન્યાઓના શિક્ષણ પર પણ ધ્યાન આપે તેમને પણ આગળ ભણવામાં પ્રોત્સાહિત કરે. શાળા કક્ષાએ બાળકો અને શાળાની ભૌતિક જરૂરિયાતો પર ચર્ચા કરવામાં આવી. શાળા તથા ગામની સફાઈ, સ્વચ્છ ટોયલેટ, સ્વચ્છ ખોરાક, રોગચાળો વગેરેની પણ ચર્ચા કરવામાં આવી. બાળકોના શિક્ષણ પર વાલીઓ પુરતું ધ્યાન આપે અને શાળા તથા શાળાના સ્ટાફને વાલીઓ દ્વારા સહકાર મળી રહે તથા વાલીઓ વ્યસન થી મુક્ત રહે તેની સમજ આપવામાં આવી.

હાલમાં સરકારશ્રી દ્વારા ચાલતો નિપુણ ભારત હેઠળ પાયાના વાંચન, લેખન અને ગણન કૌશલ્ય પર વાલીઓને બાળકો પર વધુ ધ્યાન આપે તે સમજ આપવામાં આવી.